# મોઢેરા સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવનો પ્રારંભ

## આપણી અનેકતામાં એકતાની ભારતીય સંસ્કૃતિ પહેલેથી જ સૂર્ય તથા દેવી-દેવતાઓના માધ્યમથી પરસ્પર જોડાયેલી છે : વિજયભાઇ રૂપાણી



મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે અનેકતામાં એકતાની આપણી ભારતીય સંસ્કૃતિ તો પહેલેથી જ સૂર્ય તથા દેવી-દેવતાઓના માધ્યમથી પરસ્પર જોડાયેલી છે. અનેક ભાષા-પ્રાંત-બોલીઓ, પહેરવેશ અને સંસ્કૃતિ હોવા છતાં એક ભારત શ્રેષ્ઠ ભારત એ જ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે.

શ્રી વિજયભાઈ રૂપાણી મોઢેરા સૂર્ય મંદિર પરિસર સમીપે આયોજીત ઉતરાર્ધ મહોત્સવનો આરંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. અંબાજીથી આસન સોલ અને દ્વારકાથી દિબ્રુગઢ સુધીના ભારતના બધા જ પ્રાંત-પ્રદેશો રાજ્યો એકબીજા સાથે સાંસ્કૃતિક તાદાત્મ્યથી જોડાયેલા છે તેવું જણાવીને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, પશ્ચિમ ભારતના આ મોઢેરા સુર્યમંદિરના ઉત્તરાર્ધ ઉત્સવ જેમજ પૂર્વમાં કોર્ણાક સૂર્યમંદિરમાં ડાન્સ ફેસ્ટીવલ યોજાય છે. શકિત સ્વરૂપા આદ્યશકિતનો ઉત્સવ નવરાત્રિ ગુજરાતની વૈશ્વિક પહેચાન છે તો બંગાળનો દુર્ગાપૂજા શકિત આરાધનાનો સમન્વયકારી ઉત્સવ છે. પોરબંદરના મોહનદાસ ગાંધીને મહાત્માનું બિરૂદ પણ બિહારના ચંપારણ્ય સત્યાગ્રહ અપાવેલુ છે. દ્વારિકાના મોહનના અરુણાચલ પ્રદેશના રુકમણી વિવાહ પણ એ ઐતીહાસીક ધરોહરના ઉત્તમ ઉદાહરણ છે. આધુનિક અને વિકસતા યુગમાં સૂર્ય ઉપાસના માટે સૂર્યશકિતના મહત્તમ વિનિયોગ માટે સૌર ઊર્જા સોલાર એનર્જીનું હબ હવે ગુજરાત બન્યું છે. અને એ સૂર્ય પ્રકાશ ને સૌર ઊર્જા સોલાર એનર્જીમાં રૂપાંતરિત કરીને ગુજરાતે બિનપરંપરાગત ઊર્જાસ્ત્રોત વિકસાવ્યા છે.

સૌરઊર્જા એટલે કે સૂર્યની શકિતઓથી માનવજીવનમાં ઋતુચક્ર મુજબ શારીરિક માનસિક આધ્યાત્મિક ઊર્જાનો સંપર્ક પણ થતો હોય છે તેવું જણાવી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શિયાળાની ઠંડીમાં સૂર્યના કિરણોનો સ્પર્શ તાજગી સાથે હૂંફનો પણ અહેસાસ કરાવે છે. ઉત્તારાયણ પછી સૂર્યનારાયણ જ્યારે ઉત્તર તરફ પ્રયાણ કરે ત્યારે શિયાળાના અંત અને વસંતના આરંભની શરૂઆત ઉત્સવ રૂપે નવી ચેતનાનો અનુભવ આપણને કરાવે છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સૂર્યમંદિરના પરિસરમાં ઉત્તરાર્ધ નૃત્ય ઉત્સવ પણ એવી જ નવી ચેતના-નવા જોમ નવી શકિતનો ઉદ્દીપક બન્યો છે.

ગુર્જરધરા પહેલેથી જ નસીબવંતી ધરા છે તેવું કહી તેમણે જણાવ્યું હતું કે, રાજવીવંશ તરફથી એક એકથી ચડિયાતા અજોડ અને બેજોડ સ્થાપત્યો, શિલ્પકલાના ઉત્કૃષ્ટ નજરાણાં મળ્યાં છે. મુનસર તળાવ, મલાવ તળાવ, બિંદુ સરોવર, સહસ્ત્રલીંગ તળાવ, રૂદ્ર મહાલય જેવા અનેક ઐતિહાસિક સ્થાપત્યો છે. સલ્તનત યુગમાં આપણને સરખેજ રોજા, જામા મસ્જિદ, ચાંપાનેરના અમૂલ્ય સ્થાપત્યો મળ્યાં અને સ્થળોએ ગુજરાતના ઈતિહાસમાં આગવું સ્થાન મેળવ્યું છે.

આ દિવ્ય સૂર્યમંદિરની ગરિમાને રાજ્ય સરકારે આ ઉત્તરાર્ધ ઉત્સવ આયોજન દ્વારા વધુ ઉન્નત બનાવવાનો પ્રયાસ કર્યો છે તેમ કહી મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજથી સદીઓ પહેલા આજની જેવા કોઇ જ વૈજ્ઞાનિક સાધનો ન હોવા છતાં એ ટાંચા સાધનોના યુગમાં પણ અદભૂત ગણતરી અને ભૂમિતિક આયોજન સાથે કરાયેલી આ મંદિરની રચના ગુજરાતનો વારસો સૈકાઓ પહેલાં પણ કેવો સમૃદ્ધ હતો તેની પ્રતીતિ કરાવે છે. ૧૨ મહિના મુજબ સૂર્યની ૧૨ પ્રતિમા, ૫૨ અઠવાડિયા પ્રમાણે ૫૨ સ્તંભ, દિવસ પ્રમાણે ૩૬૫ હાથી પર સભામંડપ અને ૭ દિવસ મુજબ ૭ ઘોડા સૂર્યનો રથ અને ૮ પ્રહર પ્રમાણે સૂર્યની અષ્ટપ્રતિમા છે અને આજે પણ લોકો આ ગણતરીને અનુસરે છે.

# પ્રાંતિજ તાલુકાના ચાર પંચાયતની ચૂંટણી પરિણામ



પ્રાંતિજ, તા. ૨૧

પ્રાંતિજ તાલુકાના ચાર પંચાયતો અને પાચ વોર્ડની ચૂંટણી યોજાઇ હતી જેમાં અમિનપુર અને ઓરણા ખાતે પેટા ચુંટણી અને દલાની મુવાડી અને અમલાની મુવાડી ખાતે સામાન્ય ચૂંટણી તારીખ ૧૯-૧-૨૦૨૦ના રોજ યોજાઇ હતી જેમાં આજે ૨૧-૧-૨૦૨૦ના રોજ તાલુકા સેવાસદન ખાતે ચૂંટણી અધિકારી નાયબ મામલતદાર અશોકભાઈના અધ્યક્ષસ્થાને મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં અમિનપુરમાં સરપંચ તરીકે હરિભાઈ પશાભાઈ પટેલનો-૫૭૮ મતે વિજય થયો હતો. ઓરણ ખાતે સરપંચ તરીકે કનુજી ઉદાજી મકવાણાનો-૬૭૪ મતે વિજય થયો હતો. દલાની મુવાડી ખાતે મજુલાબા દાદુસિંહ ઝાલાનો ૫૬૬ મતે વિજય થયો હતો. અમલાની મુવાડી ખાતે વિનુબા જશવંતસિંહ ઝાલાનો-૨૨૧ મતે વિજય થયો હતો. પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મલ્યો હતો. ગામજનો તથા ટેકેદારો દ્વારા ચુંટાયેલ સરપંચોને અભિનંદન પાઠવી ગુલાલ ફુલહાર પહેરાવી શુભેચ્છાઓ શુભકામના પાઠવી હતી.

**● અમિનપુર ●**

| | |
|---|---|
| હરિભાઈ પશાભાઈ પટેલ | ૫૭૮ વિજય |
| બીપીનભાઈ નાથાભાઈ પટેલ | ૨૬૪ |
| મગળસિંહ માધુસિંહ મકવાણા | ૩૩૭ |
| નોટા | ૧૬ |
| કુલ મતદાન | ૧૧૯૫ |

**● ઓરાણ ●**

| | |
|---|---|
| કનુજી ઉદાજી મકવાણા | ૬૭૪ વિજય |
| કરામતઅલી બાકરઅલી સેયદ | ૧૯૭ |
| ઘનશ્યામભાઈ જે. પટેલ | ૪૮૨ |
| કિશોરસિંહ નાથુસિંહ મકવાણા | ૬૪ |
| મેમુદમિયા સિકંદર શેખ | ૮૫ |
| નોટા | ૫ |
| કુલ મતદાન | ૧૫૦૭ |

**● દલાની મુવાડી ●**

| | |
|---|---|
| મજુલાબા દાદુસિંહ ઝાલા | ૫૬૬ વિજય |
| મૂળબા સુરેસિંહ ઝાલા | ૫૬ |
| સજ્જનબા ગજેન્દ્રસિંહ ઝાલા | ૪૯૪ |
| નોટા | ૩૫ |
| કુલ મતદાન | ૧૫૦૬ |


**● અમલાની મુવાડી ●**

| | |
|---|---|
| વિનુબા જયશવતસિંહ ઝાલા | ૨૨૧ |
| ઈન્દુબા બળદેવસિંહ ઝાલા | ૧૯૪ |
| જયોસણાબા કે. ઝાલા | ૧૫૮ |
| હીરાબા જવાનસિંહ ઝાલા | ૮૮ |
| નોટા | ૦૦ |
| કુલ મતદાન | ૬૬૧ |

## બાયડમાં શસ્ત્રક્રિયા કર્યા વગર સાત વર્ષની બાળકીના ગળામાં ફસાયેલ સિક્કો બહાર કઢાયો

### બે રૂપિયાનો ચલણી સિક્કો બાળકીના ગળામાં ફસાઈ ગયો હતો

શનિવારના રોજ બાયડ તાલુકાના પાતેળી ગામના પરમાર પરિવારની ૭ વર્ષિય બાળકી રમત રમી રહી હતી. દરમિયાન તેના હાથમાંનો બે રૂપિયાનો સિક્કો તેણે મોઢામાં મુકી દીધો હતો. રમતાં રમતાં સિક્કો મોઢામાંથી સરકીને ગળામાં જઈને ફસાઈ ગયો હતો. સિક્કો ગળામાં ફસાવાને કારણે બાળકીને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હોવાની જાણ પરિવારને થતાં પરિવાર બેબાકળો બની ગયો




હતો અને તાત્કાલીક બાયડની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ડોક્ટર ઈશાની પટેલે તાત્કાલીક ગળાનો એક્સ-રે લઈને સિક્કાની સ્થિતિ જોઈને દૂરબીનની મદદથી ઓપરેશન વગર જ ગળામાંથી સિક્કો બહાર કાઢ્યો હતો. તબીબે બાળકીના ગળામાંથી સિક્કો બહાર કાઢી નવજીનવન બક્ષતાં પરિવારમાં હર્ષ ફેલાયો હતો.

# અરવલ્લીમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના તાયફા

## બીજી બાજુ ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી મોતની મુસાફરી યથાવત

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ૩૧મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીમાં ભરી અને છત પર મુસાફરો બેસાડી ખુલ્લેઆમ પસાર થઈ રહ્યા છે. ત્યારે ખાનગી જીપ ચાલકનો મોતની મુસાફરી કરાવતો કાયદાની ઐસી તૈસી કરી ખાનગી ટ્રાવેલ્સવાળા અને જીપો સહીત શટલીયાવાળાઓ તેમના વાહનોમાં ખીચો ખીચ



અકસ્માત મુક્ત અરવલ્લીના અભિયાન અંતર્ગત મોડાસાના ચાર રસ્તે વાહન ચાલકોને ટ્રાફિક નિયમો અને ટ્રાફિકને લગતા નિયમો અંગેની માર્ગદર્શક પત્રિકા સાથે ગુલાબફુલ અપાયા હતા. વાહન ચાલકોને ગુલાબ ફુલ સાથે વાહન ચાલકો અને કંડકટરોએ ફરજીયાત અમલ કરવા સારૃના નિયમો સહિત માહિતી પત્રિકાનું વિતરણ કરાયું હતું. બીજી બાજુ આરટીઓ તંત્ર અને ટ્રાફિક પોલીસતંત્રની મીલીભગતથી ખાનગી વાહનચાલકો બિન્દાસ્ત જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પર ખીચોખીચ મુસાફરો વિડીયો કેમેરામાં કેદ થતા જવાબદાર તંત્ર સામે અનેક પ્રશ્નો પેદા થયા છે.

ગતિશીલ ગુજરાતમાં મોતની સવારીથી અસંખ્ય નિર્દોષ લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા હોવા છતાં રાજ્ય સરકાર અને જવાબદાર તંત્રની આંખો ખુલતી નથી. રાજ્યમાં ૮,૦૦૦ લોકોના માર્ગ અકસ્માતથી મોત થાય છે. જયારે સરેરાશ રોજ એક વ્યક્તિ અકસ્માતથી મોતને ભેટે છે. ૬૦ ટકા અકસ્માતો આંખની નબળાઈના કારણે થાય છે તેવો પણ ખુલાસો કરવામાં આવ્યો હતો.

અરવલ્લી જીલ્લામાં મુસાફરોને ભરી રૂપિયા કમાવાની લાહ્યમાં જીલ્લાના માર્ગો પરથી ખુલ્લેઆમ પસાર થઈ રહ્યા છે અને બેફામપણે ભાડામાં પણ લૂંટ ચલાવી મુસાફરોને લૂંટી રહ્યા છે ત્યારે ખાનગી જીપો અને લકઝરી બસોમાં પણ મોતની સવારી ખુલ્લેઆમ થઈ રહી છે. ખાનગી વાહનનો સામે ટ્રાફિક ડ્રાઈવના નામે કામચલાઉ દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી કરતુ જીલ્લા આરટીઓ તંત્ર અને જીલ્લા ટ્રાફિક તંત્ર ખાનગી વાહનચાલકોને છાવરતુ હોય તેવું લાગી રહ્યું છે.

## પરત નહી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

વર્ષ પહેલા જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ)માં દેશ વિરોધી નારાઓ લાગી રહ્યા છે. હું જનતાથી પૂછવા આવ્યું છું કે, જે ભારત માતાના એક હજાર ટુકડા કરવાની વાત કરે છે, તેમને જેલમાં ધકેલી દેવા જોઇએ નહીં. અમિત શાહે કહ્યું હતું કે, પાકિસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન જ્યાં ભારતના વિભાજન બાદ કરોડો હિન્દુ ત્યાં રહી ગયા હતા, શિખ લોકો રહી ગયા હતા, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ અને પારસી લોકો ત્યાં રહી ગયા હતા. હું તેમના દર્દને સમજી શક્યો શું. મહાત્મા ગાંધીની જ્યંતિના દિવસે એક હજાર માતા-બહેનો સાથે બળાત્કાર ગુજારવામાં આવે છે, તેમની સાથે જબરદસ્તી લગ્ન કરવામાં આવે છે. હજારોની સંખ્યામાં મંદિર-ગુરુદ્વારે તોડવામાં આવી રહ્યા છે. અફઘાનિસ્તાનમાં સૌથી ઉંચી મૂર્તિને તોપ દ્વારા ઉડાવી દેવામાં આવી છે. અમિત શાહે કહ્યું હતું કે, હું આજે મક્કમતાપૂર્વક કહેવા આવ્યું છે કે જેને વિરોધ કરવો હોય તે કરે સીએએને પરત લેવામાં આવશે નહીં. તેમણે કહ્યું હતું કે, હું વોટબેંકના લાલચી નેતાઓને કહેવા માંગુ છું કે, તમે તેમના કેમ્પમાં જોઓ, કાલ સુધ જે ૧૦૦-૧૦૦ હેક્ટર જમીનના માલિક હતા તે આજે એક નાનકડી ઝુંપડીમાં પરિવાર સાથે ભીખ માંગીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. કેન્દ્રીયમંત્રી અમિતશાહે કહ્યું હતું કે, કોંગ્રેસના કારણે ધર્મના આધાર પર ભારતના ટુકડા થયા છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાં લઘુમતિઓની સંખ્યા ઘટી રહી છે. તેઓ ક્યા ગયા, કેટલાક લોકોને મારી નાંખવામાં આવ્યા, કેટલાક લોકોને જબરદસ્તી ધર્મ પરિવર્તન કરાવી દેવાયા છે ત્યારથી શરણાર્થીઓનો આવવાનો સિલસિલો ચાલી રહ્યો છે. નરેન્દ્ર મોદીએ વર્ષોથી પીડિત લોકોને તેમના જીવનનો નવો અધ્યાય શરૂ કરવાનો અવસર આપ્યો છે. નાગરિકતા સંશોધન કાયદો (CAA)નો દેશના અલગ અલગ વિસ્તારોમાં વિરોધ થઈ રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મંગળવારે ઉત્તર પ્રદેશના પાટનગર લખનઉમાં નાગરિકતા સંશોધન એક્ટના સમર્થનમાં સભા સંબોધી હતી. અમિત શાહે કહ્યું કે, CAA વિરુદ્ધ વિપક્ષ ભ્રમ ફેલાવી રહ્યા છે અને દેશને તોડવાનું કામ કરી રહ્યા છે. આ જ મુદ્દે અમારી પાર્ટીએ જન જાગરણ અભિયાન કરવાનો નિર્ણય કર્યો છે. અમતિ શાહે વિપક્ષ સામે સવાલ ઉભા કરતાં કહ્યું કે, જ્યારે કાશ્મીરમાંથી લાખો પંડિતોને ભગાડી દીધા હતા ત્યારે માનવધિકાર ક્યાં ગયો હતો. તેમણે કહ્યું કે, જેને વિરોધ કરવો હોય તે કરે પરંતુ સીએએ પરત લેવામાં નહીં આવે. ગૃહમંત્રીએ કહ્યું કે, સંસદ સત્રમાં જ્યારે અમારી સરકાર બિલ લાવી ત્યારે રાહુલ બાબા એન્ડ કંપની વિરોધમાં કાઉ-કાઉ કરતી હતી.

## ૬ કલાક

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

અસામાન્ય. શરૂઆતમાં તો તેમને એક સામાન્ય લાગતું હતું. પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો અને જેઓ ઉમેદવારી નોંધાવી રહ્યાં હતા તેના પરથી તેમ તેમ કેજરીવાલની પાર્ટી આમઆદમી પાર્ટીના નેતાઓને હવે તેમાં વિરોધીઓની કોઈ સાજિશ દેખાઇ રહી છે કે કેજરીવાલ સમૂળગી ઉમેદવારી જ કરી ના શકે એવું કોઇ કાવતરૂ રચવામાં આવ્યું છે. અને આ લખાય છે ત્યારે સાંજના ૫.૧૫ વાગ્યા સુધી કેજરીવાલ ઉમેદવારી પત્ર ભરી શક્યા નથી. તેમની આગળ જેઓ ઉમેદવારી નોંધાવી રહ્યાં છે તેઓ સમય લંબાવી રહ્યાં હોય એમ આપ પાર્ટીના નેતાઓને લાગી રહ્યું છે. કદાજ એવું પણ બને કે કેજરીવાલ ઉમેદવારી જ કરી ના શકે...! આવી જ એક શક્યતા આપ પાર્ટીના નેતા અને નાયબ સીએમ મનીષ સિસોદિયા જોઇ રહ્યાં છે. તેમણે આ અંગે ટ્વીટ પણ કર્યું છે. તેમનો નંબર રાતના ૧૨ વાગે આવી શકે એમ સૂત્રો માની રહ્યાં હતા પરંતુ સાંજના ૬-૧૫ વાગે તેમનો નંબર આવ્યો ઈને આ લખાય છે ત્યારે અહેવાલ છે કે કેજરીવાલ ઉમેદવારી પત્ર ભરી રહ્યાં છે.

## ફોરટ્રેક બનાવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોના રીંગ રોડને ફોરટ્રેક કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. બીજીતરફ સેકટરોના એપ્રોચ રસ્તાઓને પણ ફોરટ્રેક કરવા માટે કામગીરી હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે.મુખ્યમાર્ગો પરથી સેકટરમાં પ્રવેશવાના એપ્રોચ રસ્તા પર ટ્રાફિકની અવરજવર વધી છે. જેને ધ્યાને લઈને એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક કરવા માટે આયોજન કરાયુ છે. જયારે આ એપ્રોચ રસ્તાઓને ફોરટ્રેક કરવા માટે ટેન્ડર પ્રકીયા હાથ ધરી ટુંકમાં કામગીરી પણ શરૂ કરી દેવાશે.

## શહેરમાં ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળી તેમાંય જો વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર રહે તો અવારનવાર માવઠું પણ પડે છે. આકરા ઉનાળાની સાથોસાથ હવે ગાંધીનગરાઓ આકરી ઠંડીથી પણ જાણે ટેવાઈ ગયા છે. વૃક્ષો આચ્છાદિત આ શહેરમાં પ્રદૂષણનુ પ્રમાણ ખૂબ ઓછુ છે. વળી આસપાસ ક્યાંય મોટી ઈન્ડસ્ટ્રીઝ ન હોવાથી પ્રમાણમાં અહીંનુ વાતાવરણ ચોખ્ખુ રહે છે. જેના કારણે ઠંડીની અસર વધુ રહે છે. છેલ્લા દસ દિવસથી શહેરમાં સતત કાતિલ ઠંડી પડી રહી છે અને પારો ૧૦ ડિગ્રીથી નીચે જ રહ્યો છે. ગઈકાલે ઠંડીમાં થોડીક રાહત મળી હતી. અને લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયુ હતુ. ફરી વાતાવરણમાં પલ્ટો આવતા ઠંડીમાં વધારો થયો છે. લઘુત્તમ તાપમાન પુનઃ ૯.૫ ડિ.સે. પહોંચી જતા રાત્રે વધુ ઠંડી અનુભવાઈ હતી. જ્યારે મહત્તમ તાપમાન ૨૮.૨ ડિ.સે. નોંધાતા દિવસે થોડીક રાહત અનુભવાઈ હતી.

## કાતિલ ઠંડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માઈનસ ૪ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગના અધિકારીઓએ કહ્યું છે કે, પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જમ્મુ કાશ્મીરના પહેલગામ, કેલોંગ, સિમલામાં તાપમંન નીચે રહ્યુ છે. માઉન્ટ આબુમાંકાતિલ ઠંડીના કારણે પ્રવાસીઓ મુશ્કેલી અનુભવી રહ્યા છે. ધુમ્મસના કારણે દિલ્હી આવતી ૨૧ ટ્રેનો મોડેથી દોડી રહી છે. હજુ હિમવર્ષા જારી રહી શકે છે. દિલ્હી-એનસીઆરમાં ધુમ્મસ અને ઠંડીના કારણે લોકોની હાલત આજે ફરી એકવાર કફોડી બની ગઈ છે. ધુમ્મસના કારણે દિલ્હીથી દોડનાર ૨૧ ટ્રેનો લેટ ચાલી રહી છે. જ્યારે ચાર ટ્રેનના સમયમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. માર્ગો પર ધુમ્મસના કારણે સવારે મોટી સંખ્યામાં લોકોને આવરજવરમાં તકલીફ પડી હતી. વિજિબિલિટી ઘટી જવાના કારણે દિલ્હી વિમાનીમથકે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગે કહ્યુ છે કે આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઠંડીથી લોકોને રાહત નહી મળે તેવી શક્યતા છે.

# વડગામમાં ચૂંટણીના પરિણામ જાહેર થતાં 'કહી ખુશી કહી ગમ'

વડગામ, તા. ૨૧

પિરોજપુરા અને મેજરપુરામા સરપંચ તેમજ પાંચડામા બે વોર્ડના અને



સરપંચની ચુંટણી માટેનું મતદાન રવિવારના યોજાયુ હતું. પરીણામ જાહેર થતાં જ ઉમેદવારોમાં કહી ખુશી કહી ગમના દ્રશ્યો સર્જાયા હતા.

વડગામ તાલુકા મથકે આવેલ મામલતદાર કચેરી ખાતે ત્રણ પંચાયતના સરપંચ તેમજ એક પંચાયતના બે વોર્ડના સભ્યો માટેની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. સવારથી જ ઉમેદવારો અને મોટી સંખ્યામાં તેમના સમર્થકો વડગામ કચેરી ખાતે ઉમટી પડતાં મામલતદાર કચેરી ખાતે કડકડતી ઠંડીમાં પણ લોકોમાં ચુંટણીનો ભારે ગરમાવો જોવા મળ્યો હતો. મેજરપુરા પંચાયતમા કિર્તીસિંહ ગંભીરસિંહ ભાટી અને વિપલસિંહ પ્રવિણસિંહ સોલંકી વચ્ચે સરપંચ પદ માટે પ્રતિષ્ઠાનો જંગ ખેલાયો હતો જેમાં કિર્તીસિંહ ભાટીને ૫૩૪ મત મળ્યા હતા. જયારે હરીફ ઉમેદવાર વિપલસિહને ૧૪૭ મત મળતાં ૩૮૭ મતની સરસાઈથી કિર્તીસિંહનો ભવ્ય વિજય થયો હતો જ્યારે પાંચડામા સરપંચ માટે જેઠીબેન પિતામ્બરભાઇ પરમાર ૮૭૨ મત મળ્યા હતા જયારે હરીફ ઉમેદવાર દાનીબેનને ૬૬૯ મત મળતાં ૨૦૩ મતે જેઠીબેનને સરપંચ પદે વિજેતા જાહેર કરાયા હતા. પાચડા પંચાયતના વોર્ડ નં-૫ મા સભ્ય માટે બે ઉમેદવારો વચ્ચે ખરાખરીનો જંગ ખેલાયો હતો જેમાં મોઘજીભાઇ પટેલને ૮૬ મત જયારે હરીફ ઉમેદવાર ભાયચંદભાઇ પ્રજાપતિને ૮૫ મત મળતાં મોધજીભાઇ પટેલને ૧ મતે વિજેતા જાહેર કરાયા હતા. વોર્ડ નં- ૭ બે ઉમેદવારો વચ્ચેના પ્રતિષ્ઠાભર્યા જંગમા મધુબેન ઠાકરડાને ૧૦૭ મત મળ્યા હતા તેમના હરીફ ઉમેદવાર હીરાબેન ઠાકરડાને ૧૦૩ મત મળતા ૪ મતે મધુબેનને વિજય જાહેર કરવામાં આવ્યા હતા. જયારે પિરોજપુરા પંચાયતના સરપંચ માટે ત્રણ લઘુમતી સમાજની મહિલાઓ વચ્ચે ખરાખરીનો ચુંટણી જંગ ખેલાયો હતો જેમાં રિઝવાના જુનેદ ઉકાણીને ૮૩ મત મળ્યા હતા, રૂબિના ઈબ્રાહિમ પલસાણીને ૭૫૦ મત મળ્યા હતા જયારે રૂકૈયાબેન ઈસ્માઈલ ભાઈ રાજૂડીયાને ૧૦૪૦ મત મળતાં સૌથી વધુ મત મળતા રૂકૈયાબેનને ૨૦૭ મતે સરપંચ પદે વિજેતા જાહેર કરાયા હતા. મતગણતરી બાદ મામલતદાર કચેરી બહાર કહી ખુશી કહી ગમના દ્રશ્યો જોવા મળ્યો હતો.